ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
PULAV-RICE
બાઘ બકરી
BASMATI
REGD. No. 417107
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાં.
Mobile : 9825581799,
9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC 382/2021-2023 Valid up to 31 December-2023

Registered with the Registrar of Newspaper for India under Regd. No. 33458 / 74

સાપ્તાહિક
શાહીન
Shaheen Gujarati WEEKLY

Vol No.: 51 • Issue No.: 21-22 • Date: 09-05-2024 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

પુલાવ તેમજ
બિરયાની માટે
ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ
હંમેશા
યાદ રાખો

ભારતીય ચૂંટણીઓની પરિસ્થિતિઃ

નૈતિક પતન અને મહિલા સુરક્ષાના પડકારો

(ન્યૂઝ ડેસ્ક) હાલ દેશમાં ચૂંટણીનો પવન સર્વત્ર ફૂંકાઈ રહ્યો છે. અખબારો, ટીવી ચેનલો અને તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ આ વિષયને જ આવરી રહ્યા છે. ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ રહી છે અને તેનો સમયગાળો ઓછામાં ઓછો પચાસ દિવસનો છે. દરમિયાન, લોકોને દરરોજ એક જ વિષય પર કંઈક જોવા, સાંભળવા અને વાંચવાની ફરજ પડે છે. મીડિયામાં ચૂંટણીનું રિપોર્ટિંગ કરતા અનુભવી પત્રકારો, વિશ્લેષણ કરતા વરિષ્ઠ વિશ્લેષકો અને દેશના ગંભીર નાગરિકોને લાગે છે કે ૨૦૧૪ પછીની ભારતીય ચૂંટણીઓમાં ચૂંટણીના વર્ણનો અને નેતાઓના ભાષણોની ગુણવત્તા દિન-પ્રતિદિન ઘટતી જાય છે, અને આ નેતાઓ ભારતની રાજનીતિ અને તેની નૈતિકતાની ટકાવારી કેટલી ઓછી કરશે તેની ખબર નથી.

ગયા અઠવાડિયે દેશના વડાપ્રધાને રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં એક ચૂંટણી રેલી દરમિયાન ખોટી અને નિમ્નકક્ષાની વાતો કરી, અને બંધારણીય હોદ્દા પર રહીને તેમણે પોતાના જ દેશના નાગરિકો વિરુદ્ધ જે અસંસ્કારી ભાષાનો ઉપયોગ કર્યો તે નૈતિક પતનનો સંકેત છે, જે ચિંતાજનક છે. જો દેશના વડા પ્રધાન સત્તાસ્થાને બેસીને આટલા નીચે ઊતરી શકે છે, તો અન્ય પક્ષના નેતાઓ અને કાર્યકરોની નૈતિક અધઃપતનની સ્થિતિ શું હશે? આ સ્થિતિ દેશમાં વર્તમાન પરિસ્થિતિનું દર્શન કરાવે છે.

હાલમાં ઈલેક્ટ્રોનિક મીડિયા અને સોશિયલ મીડિયા પર આ વિષયની ચર્ચા થઈ રહી હતી કે કર્ણાટકના હાસન જિલ્લામાં બનેલી એક ઘટનાએ મીડિયા અને સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચ્યું છે. એવું કહેવાય છે કે જનતા દળ (સેક્યુલર)ના સાંસદ પ્રજ્વલ રેવન્ના પર વિવિધ મહિલાઓ સાથે અશ્લીલ વીડિયો બનાવવાનો આરોપ છે અને એક મહિલાએ તેમની વિરુદ્ધ પોલીસમાં યૌન ઉત્પીડનની ફરિયાદ પણ નોંધાવી છે. પ્રજ્વલ રેવન્ના હાલ ભાજપના સહયોગી જનતા દળ (સેક્યુલર) તરફથી હાસન લોકસભા સીટ માટેના ઉમેદવાર છે. મૈસૂરની ચૂંટણી રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના પક્ષના પ્રચારમાં ભાષણ આપ્યું. કહેવાય છે કે એનડીએના લોકસભાના ઉમેદવારના અનેક અશ્લીલ વીડિયો સામે આવ્યા બાદ તે કથિત રીતે જર્મની કે યુરોપના કોઈ અન્ય દેશમાં ભાગી ગયો છે. કર્ણાટક સરકારે આ ઘટનાની તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરી છે, જેમણે તપાસ શરૂ કરી છે. આપણા વડા પ્રધાન હંમેશાં મહિલા સુરક્ષા, સશક્તિકરણ અને સમાનતાની વાતો કરે છે, પરંતુ તેમના ઊંચા દાવાઓ અને વચનો વિરુદ્ધ વિધાયક સંસ્થાઓના સભ્યો પોતે જ મહિલાઓ સામે ઘોર અપરાધ કરી રહ્યા છે, તો દેશની મહિલાઓ કેવી રીતે સુરક્ષિત રહેશે?

યૌન અપરાધી ઉમેદવારની તરફેણમાં વડાપ્રધાનની ઝુંબેશને એમ કહીને વાજબી ઠેરવવામાં આવે છે કે તેઓ દક્ષિણ ભારતીય રાજ્યના સાથી ઉમેદવારની પ્રવૃત્તિઓથી વાકેફ ન હોય, પરંતુ ‘ઈન્ડિયન એક્સપ્રેસ‘ના સમાચાર મુજબ,એવું નથી કે ભાજપની કેન્દ્રીય અને રાજ્યની નેતાગીરી તેનાથી સંપૂર્ણપણે અજાણ હોય. કહેવાય છે કે કર્ણાટકના એક બીજેપી નેતાએ ડિસેમ્બર ૨૦૨૩માં જ બીજેપીના રાજ્ય અને કેન્દ્રીય નેતૃત્વને તેની કાર્યવાહી અંગે ચેતવણી આપી હતી. પરંતુ જ્યારે મુખ્ય ધ્યેય ચૂંટણી જીતવાનું હોય ત્યારે નૈતિકતા, મહિલાઓની સુરક્ષા અને અન્ય મૂલ્યો સદંતર ભુલાઈ જાય છે.

આ પહેલીવાર નથી કે જ્યારે દેશમાં કોઈ રાજકીય નેતા પર મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં સામેલ હોવાનો આરોપ લાગ્યો હોય. ભૂતકાળમાં, ઘણા પ્રભાવશાળી રાજકીય નેતાઓ પર જાતીય અપરાધોનો આરોપ મૂકાયો છે અને હાલમાં તેમની સુનાવણી ચાલી રહી છે. ચૂંટણી નિરીક્ષક એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા ઓગસ્ટ ૨૦૨૩માં બહાર પાડેલા અહેવાલ મુજબ, ૧૩૪ સાંસદો અને ધારાસભ્યો હાલમાં મહિલાઓ વિરુદ્ધ જાતીય અપરાધોના કેસોનો સામનો કરી રહ્યા છે, જેમાં ૨૧ સંસદના સભ્યો અને ૧૧૩ વિધાનસભાના સભ્યો છે. તેમાંથી મોટાભાગના, એટલે કે ૪૪ ધારાસભ્યો ભાજપના છે. અમે મહિલાઓ સામેના જાતીય અપરાધો સાથે સંકળાયેલા કેસોમાં માત્ર ધારાસભ્યોની સંખ્યા નોંધી છે, અન્યથા હત્યા, રમખાણો અને અન્ય ગુનાઓના કેસમાં ધારાસભ્યોની સંખ્યા વધુ છે. જરા વિચારો, જ્યારે આ કહેવાતા નૈતિક અને ચારિત્ર્યવાન રાજકીય નેતાઓ વિધાનસભા ગૃહમાં બેસીને વિવિધ મુદ્દાઓ પર કાયદાઓ બનાવે છે, ત્યારે આ કાયદાઓનું શું થશે? જ્યારે ગુનેગારો પોતે જ કાયદા ઘડતા હોય તો કાયદાઓનો ખો નીકળી જાય છે, અને કમનસીબે આ આપણા દેશની વર્તમાન સ્થિતિ છે.

સારી વાત છે કે દેશના ઘણા લોકો આ સ્થિતિથી ચિંતિત છે અને તેની સામે સંઘર્ષ કરી રહ્યા છે તથા બલિદાન પણ આપી રહ્યા છે. તેઓ મહિલાઓ પર થતા અત્યાચાર અને નફરતની રાજનીતિ સામે પણ લડી રહ્યા છે. પરંતુ જનતાએ સમજવું જોઈએ કે આ લડાઈ માત્ર અમુક લોકોની લડાઈ નથી, પરંતુ આપણા બધાની જવાબદારી છે કે દેશમાં ફેલાયેલી આ બદીઓ સામે ઊભા રહેવું અને જ્યાં સુધી ગુનેગારોને કાયદાની પકડમાં ન લાવવામાં આવે ત્યાં સુધી જંપીને ન બેસીએ, અન્યથા ગુનાઓ અને નફરતની આ આગ આખા દેશને ભસ્મીભૂત કરી નાંખશે.

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં
પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા
નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર,
એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા
ભગંદરનો સચોટ અને
સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩
NO PILES JUST SMILES
પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી
હોલ સામે, પાલડી,
અહમદઆબાદ

SHAHEEN WEEKLY
Bank A/c. No. : 163110100013154
Bank/Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code : BMCB0000039
Affiliated : AXIS BANK LTD.
NEFT

શાહીન સાપ્તાહિક
Shaheen Gujarati WEEKLY
/shaheenweekly.info

તંત્રી સ્થાનેથી...

ભારતીય મુસ્લિમો સામેના પડકારો

સ્વતંત્રતાના ૭૫ વર્ષો પછી પણ ભારતમાં રહી ગયેલા મુસલમાનો દેશપ્રેમ અને દીનપ્રેમ જેવા બે સુડા વચ્ચે સોપારીની જેમ ફસાયેલા છે. રાષ્ટ્રીય નેતાના અભાવના કારણે તેમનું વૃત્તાંત (Narrative) પણ અસ્પષ્ટ છે. શાસક પક્ષો દ્વારા હંમેશા મુસ્લિમોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કોંગ્રેસે મુસ્લિમોના તૃષ્ટિકરણની નીતિ અપનાવી તો ભાજપે હિંદુઓને એક કરવા મુસ્લિમોનો ઉપયોગ કર્યો. આમ, મુસ્લિમોનો વિકાસ તેમની સ્વમહેનત પર આધારિત છે. ૨૦૦૪માં મુસ્લિમોની પ્રવર્તમાન પરિસ્થિતિ પર કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલ સર્વેક્ષણ અને પછી સ્કોલરશીપની કેટલીક યોજનાઓ અને આર્થિક આરક્ષણ અપવાદરૂપ છે.

છેલ્લા ૧૦ વર્ષોમાં મુસ્લિમો ઉપર જે લક્ષ્યાંકિત આતંક અને અત્યાચારનો મારો થયો (જેમાં સરકાર, ન્યાયતંત્ર, અને વ્યવસ્થાતંત્ર તમામ સામેલ હતા) તેનાથી મુસ્લિમે હચમચી ગયા છે. નામના અને પહેરવેશના મુસ્લિમોની મોટી સંખ્યાએ ઈશભય અને આખિરતના અંજામની પરવાહ કર્યા વગલ મસલતી અંદાજમાં સરણાગતી સ્વીકારી લીધી છે. પરંતુ જેમના હૃદયમાં ઈમાન મોજૂદ છે અને એવા ઉલેમાએ હક્ક કે જેઓ દીનને પરિસ્થિતિ સાથે સુસંગત કરી લોકોની ઈસ્લાહ કરવા જાણે છે તેઓ સક્રિય અને હકારાત્મક છે. તેઓ હાલાત સાથે મસલત વગર સંઘર્ષ કરવા પર ભાર મૂકે છે અને પોતાના દીનને સર્વોપરી સમજી અલ્લાહના દીનના રસ્તે આવતી તમામ તકલીફો અને આજમાયશોનો સામનો કરવા તૈયાર છે. આ મુસ્લિમો અને ઉલેમાઓ માટે પડકાર છે.

૨૦૨૪માં સરકાર ગમે તેની બને પરંતુ મુસ્લિમો માટે પડકાર યથાવત્ રહેશે. સૌથી મોટો પડકાર વકફની મિલકતો જેવી કે મસ્જિદ, મદ્રસા, ખાનકાહ અને કબ્રસ્તાનનો છે. બાબરી મસ્જિદના ચુકાદા પરથી દુરંદેશ લોકો સમજી ગયા કે હવે દેશમાં ન્યાયની પરિસ્થિતિ બિલકુલ ખરાબ થઈ ગઈ છે એટલે માલીકીના કાયદાકીય પુરાવા હોવા છતાં મિલકતો કોને સોંપી દેવામાં આવશે તે ચિંતાનો વિષય છે. આ બાબતે મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, વકફ બોર્ડ તથા અન્ય સંસ્થાઓ સાથે મળી લોકજાગૃતિ માટેના કાર્યક્રમો કરવા વિચારવા જોઈએ.

બીજો મોટો પડકાર મુસ્લિમો માટે શિક્ષણ અને ગરીબી છે અને બંને મુદ્દાઓ એક બીજાના વિરૂદ્ધાર્થી શબ્દો છે. જ્યાં શિક્ષણ પામી શિક્ષીત વ્યક્તિ હશે તે ગરીબ નહી હોય માટે શિક્ષણની ખૂબ જરૂર છે. દેશમાં વસતા તમામ ધર્મના લોકોનો શિક્ષણ ગુણોત્તર જોઈએ તો મુસ્લિમો ૪૨% સાથે સૌથી વધુ અશિક્ષિત છે. પરિણામસ્વરૂપે તેઓ બીજાની સરખામણીમાં સૌથી વધુ ગરીબ છે.

પછી ધંધા માટે રોકાણ અને રોજગાર માટે કૌશલ્ય વગેરે પડકારો તેમની નજર સમક્ષ છે. આ મુદ્દા પર કાર્ય નહી થાય તો ઉમ્મત વધુને વધુ ગરીબ થઈ જશે. એક મોટો પડકાર ઉમ્મત માટે નેતાગીરીનો છે. મહોલ્લાઓમાં દેડકાની માફક ઉછળતા નેતાગીરી કરતાં બેરોજગારોની સંખ્યા વધારે છે જે પોસ્ટરોની શોભા વધારે છે. ખરેખર આવા લોકો ઉમ્મતના ફાયદાને બદલે નુકશાન વધુ કરે છે નેતાગીરીની આડમાં દારૂ, જુગાર, MD, ડ્રગ્સ અને દહેવપારનો ધંધો વ્યવસ્થાતંત્ર તેમની પાસે કરાવે છે કે જેથી ઉમ્મતના જવાન લોકો ન ભણી શકે, ન પગભગ થઈ શકે અને હંમેશા દિશાવિહિત જીવન જીવ્યા કરે.

આજે કંઈ પણ પરિસ્થિતિ નિર્માણ પામી છે તેની પાછળ નેતાગીરીનો અભાવ મુખ્ય કારણ છે તો નેતાગીરીને ઉભારવાનો પડકાર ઉમ્મત સમક્ષ છે. આ કાર્યો કરવામાં શાસક પક્ષ ક્યાંય પણ અવરોધ બની શકે નહી તે સર્વવિદિત છે તેથી આ પડકારોને પહોંચી વળવા દરેકે પોતાનું યોગદાન આપવાની તાતી જરૂર છે.

કર્ણાટક : બજરંગદળના સભ્યો દ્વારા મુસ્લિમ પશુ વેપારીને માર મારવામાં આવ્યો

હિંદુત્વવાદી હુમલાખોરોએ પીડિતના વાહન પર હુમલો કર્યો અને અંદર ઢોર જોવા મળતા તેઓએ તેને નિર્દયતાથી માર મારતા તે લોહીલુહાણ થઈ ગયો હતો



અન્ય એક તિરસ્કારની ઘટનામાં, કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં બાબલેશ્વર તાલુકામાં હિન્દુત્વ બજરંગ દળ સંગઠન સાથે સંકળાયેલા ગુંડાઓના જૂથ દ્વારા એક મુસ્લિમ પશુ વેપારીને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ, બંદે નવાઝ નામનો પીડિત બે બળદ, એક ભેંસનું વાછરડું અને એક ગાયને બાબલેશ્વરથી વિજયપુરા લઈ જઈ રહ્યો હતો ત્યારે સૌપ્રથમ હુમલાખોરોએ વાહનને અટકાવ્યું હતુ. હુમલાખોરો બજરંગ દળના નેતાઓ વીરેશ હિરેમઠ અને રાજુ બિરાદરાના સહયોગી હોવાનું જણાયું હતું. વાહનને અટકાવ્યા બાદ, હિંદુત્વવાદી હુમલાખોરોએ નવાઝના વાહન પર હુમલો કર્યો અને અંદર ઢોર જોવા મળતાં તેઓએ તેને નિર્દયતાથી માર માર્યો હતો, જેથી તે લોહીલુહાણ થઈ ગયો હતો. વાયરલ વીડિયોમાં પીડિતને જિલ્લા હોસ્પિટલમાં તબીબી સંભાળ લેતાં જોઈ શકાય છે. આ ઘટનાને પગલે લોકોમાં આક્રોશ ફેલાયો હતો, ઘણા લોકોએ આ જૂથને સખત સજા આપવાની માંગ કરી હતી, તે ૧૫-૨૦ લોકોનું જૂથ હતું. વીડિયોમાં નવાઝ તેના શરીર પરના ગંભીર ઘા અને લોહીના ગઠ્ઠાના નિશાન બતાવતો જોવા મળે છે. આ દરમિયાન, આ હુમલા અંગે બાબલેશ્વર પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો, અને પોલીસ અધિકારીઓ આ મામલાની તપાસ કરી રહ્યા છે.

વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું શાહીન સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી
સોસાયટી કોર્નર, ૧૩૨, ફૂટ રીંગ રોડ,
જુહાપુરા, અહમદઆબાદ-૫૫.
ફોન: ૬૩૫૬૧૬૨૭૬૮


વ્યાજ

એ માત્ર દૂષણ જ નથી બલ્કે ગંભીર પ્રકારનું કેન્સર છે.. જેમ કેન્સર માણસને ખતમ કરી નાંખે છે.. એમ આ વ્યાજ સમાજની આર્થિક વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાંખે છે, અને એટલે જ ઈસ્લામે વ્યાજને હરામ ઠેરવ્યું છે..

પ્રસ્તુત પુસ્તક "વ્યાજ" આપને આ વિષયના તમામ પાસાઓની સંપૂર્ણ માહિતી પૂરી પાડવા સાથે આપના મનમાં આ વિષયક રહેલા પ્રશ્નોના ઉત્તર પણ આપે છે..

આ પુસ્તકનું અધ્યયન આપને ખૂબ જ લાભદાયી પૂરવાર થશે..

Book
Price
200.00

ઓર્ડર કરવા વોટ્સએપ કરો
+91 87 80 66 19 63

Kasambhai
Mo. 9879618344
Imtiyazbhai
Mo. 9879518544

KAMA
AUTO CONSULT

Used Car Sales And Purchase

kamaautoconsult.in

Mahesana Chokdi, Gandhinagar Link Road, Opp. Shahin Park Society, Visnagar-384315

ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386

HMG

હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ

લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર

હેડ ઓ: 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210

બ્રાન્ચ ઓ: 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત

નોંધ: વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.

E-mail : info@ilyashamdubhai.com ● Website : www.ilyashamdubhai.com

મીમ ફર્નીશીંગ

મસ્જિદની સફ મળશે

mimm furnishng

૧૮૩૭, ત્રણ દરવાજા, મેઈન રોડ, અહમદઆબાદ-૧.
જાવેદભાઈ : ૯૮૨૪૩ ૪૫૪૬૧ ● રૂવૈદ ૯૭૨૪૪૧૬૦૬૬

મો: ૯૮૨૫૦૩૪૭૮૯ મો :૮૨૩૮૦૫૧૨૧૪

એલ.પી. ચટાઈવાલા

મસ્જિદની સફ માટે સલી ચટાઈ, નાયલોન ચટાઈ,
કોટન મુસલ્લા, બેલ્જીયમ ગાલીચા સફ માટે,
દરેક જાતના સોફાનું મટીરીયલ્સ મળશે.

૩૦૯૨, ત્રણ દરવાજા, અહમદઆબાદ - ૩૮૦ ૦૦૧

કુર્આન

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

સહયોગનો આધાર

“જે કાર્યો સદાચાર અને ‘તકવા’ના છે તેમાં સૌની સાથે સહયોગ કરો અને જે ગુનાહ તથા અત્યાચારના કાર્યો છે તેમાં કોઈની સાથે સહયોગ ન કરો.’’ (સૂરઃ માઈહદ, આયત-૨)

કુર્આની આયતનો આ ભાગ જોવામાં બહુ નાનો છે, પરંતુ અર્થ કે ભાવાર્થની દષ્ટિએ આમાં ‘દીને ઇસ્લામ’ની પૂરી રૂહ સમેટાઈ ગઈ છે. સહયોગ કોની સાથે કરવામાં આવે અને કોની સાથે કરવામાં ન આવે. વ્યક્તિગત્ ન આપવા અંગે માર્ગદર્શક સિદ્ધાંતો શું હોય ? અને રાજકારણમાં શાસક વર્ગ કે શાસકોથી મતભેદ કઈ બાબતોમાં કરવામાં આવે ? આ બધી જ બાબતો ઉપર આ આયતમાં ખૂબ જ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આજના સુસભ્ય અને આધુનિક વિચારધારાવાળા જગતમાં પોતાની કોમ અને પોતાની પાર્ટી જ સત્ય તથા અસત્યના માપદંડ છે. એક વ્યક્તિ એ જ વલણનું સમર્થન કરશે જે તેની કોમ અને તેની સંસ્થા કે સંપ્રદાયનું છે. તેનાથી કાંઈ લેવા-દેવા નથી કે એ ન્યાય પર આધારિત છે કે પછી જુલ્મ-અત્યાચાર પર.

પરંતુ ઇસ્લામ આનાથી વિપરીત એક બીજા જ રીતનું શિક્ષણ આપે છે. તેની સમીપ નેકી અને ભલાઈ કે સારપના કાર્યોમાં પોતાની પાર્ટી બલ્કે પોતાની કોમના સ્તરથી પણ ઉપર ઊઠીને દરેકથી સહયોગ કરવો જોઈએ, અને ગુનાહ-પાપ તેમજ જુલ્મ અત્યાચારના કાર્યોમાં કોને સહયોગ કે સાથ-સહકાર કરવો ન જોઈએ, ચાહે તેના પર આચરણ કરનાર પોતાનો જ મિત્ર, રિશ્તેદાર અને પોતાના જ મસ્લકવાળો કેમ ન હોય. તે એને મહત્ત્વ નથી આપતો કે કહેનાર કોણ છે ?

આ જ સૂરઃ માઈદહની ૮મી આયતમાં અલ્લાહતઆલા ઈર્શાદ ફરમાવે છે કે : અને કોઈ સમૂહ (કે કોમ)ની દુશ્મની તમને આ વાત પર ઉભારે નહીં કે તમે તેની સાથે ન્યાય જ ન કરો. બલ્કે હંમેશ સૌની સાથે ન્યાય કરતા રહો, આ તકવાની બહુ સમીપ છે. અલ્લાહથી ડરતા રહો, નિઃશંક અલ્લાહને આની પૂરી ખબર છે કે તમે શું કરતા રહો છો.’’

લેવડ-દેવડ કે મામલાઓમાં અન્યાયના કારણો સામાન્ય રીતે બે જ હોય છે. એક આ કે, ક્યાં તો માણસ કોઈની સાથે બાંધછોડમાં ન્યાયને કોરાણે મૂકી દે છે, અથવા તો પછી કોઈની અદાવત તથા વિરોધમાં ન્યાયના માર્ગથી ચલિત થઈ જાય છે.

આ આયતમાં આ બીજા કારણને સામે રાખીને ન્યાય કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. ફરમાવ્યું : આવું થવું ન જોઈએ કે કોઈ સમૂહની દુશ્મનીના લીધે તમે તેની સાથે ન્યાય ન કરો. તમારે દુશ્મની હોવા છતાં ન્યાય કરવો જોઈએ. કેમકે તકવા અને અલ્લાહથી ડરવાનો તકાદો આ જ છે. આ હુકમ મુસલમાનોને આપવામાં આવ્યો છે, અને દેખીતું છે કે તેમનો વિરોધી સમૂહ કાફરોનો હશે. મતલબ આ થયો કે મુસલમાન તો મુસલમાન છે કાફરોના અધિકારોની અદાયગીમાં પણ કમી ન કરો.

ઉપરોક્ત આયતોના પ્રકાશમાં એક તરફ જ્યાં આપણે અન્ય લોકો, સમૂહો,સરકારો અને કોમોને જોઈએ છીએ અને તેમના પ્રત્યે આક્રોષ, નફરત અને ધિક્કાર અનુભવીએ છીએ, ત્યાં જ આ જ આયતોના પ્રકાશમાં આપણે પોતાને પોતાની જાત, સમૂહ, સરકારો અને કોમને પણ જોવા-ચકાસવાની સખત જરૂરત છે. બલ્કે એક રીતે જોઈએ તો તેમના કરતાં પોતાને આ કસોટી પર ચકાસવાની વધુ જરૂરત છે. કેમકે સામે પક્ષે તો કાફિરો, મુશ્રિકો અને અસત્યવાદીઓ છે; જ્યારે આપણે તો એ અલ્લાહ, તેના રસૂલ સ.અ.વ.,એ કુર્આન, ઈસ્લામ-દીનના માનનારા હોવાના દાવેદાર છીએ. આથી સામાવાળાઓ કરતાં આપણી જવાબદારી તેમના કરતાં અનેકગણી વધી જાય છે, વધારે છે. અલ્લાહતઆલા આપણને તેના માટે હિંમત, તાકત અને તૌફીક આપે.

હદીસ

આસ્થા તથા ઈમાન

(૪) અનુવાદ :

હઝરત અનસ રદિ. નબી સ.અ.વ.થી રિવાયત કરે છે કે આપ સ.અ.વ.એ ફરમાવ્યું : જે વ્યક્તિમાં ત્રણ વાતો મૌજૂદ હશે તે ઈમાનની મિઠાશ પામશે : અલ્લાહ અને તેનો રસૂલ સ.અ.વ. તેને ખુદ પોતાનાથી (પોતાની જાતથી) વધુ પ્રિય હોય, તે કોઈ વ્યક્તિથી પ્રેમ કરે તો માત્ર અલ્લાહ માટે પ્રેમ કરે, તેને કુફ્ર તરફ પાછા ફરવું, એ પછી કે અલ્લાહે તેને (કુફ્રથી) મુક્તિ અર્પી, એવું અપ્રિય હોય જેમકે તે આગમાં ફેંકી દેવાને અપ્રિય સમજે છે.’’[૬] (બુખારી, મુસ્લિમ)

સમજૂતી :

[૬]આ હદીસમાં પૂર્ણ ઈમાન તથા યકીનની ઓળખ બનાવી દેવામાં આવી છે. પૂર્ણ ઈમાનમાં એવી લિજ્જત અને મિઠાશ હોય છે કે તેને શબ્દોમાં વર્ણવવું શક્ય નથી. પૂર્ણ ઈમાન એ વ્યક્તિનો હોય છે જેને અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.થી સૌથી વધીને પ્રેમ હોય. પછી કોઈ અન્યથી જો પ્રેમ કરે પણ છે તો એ માત્ર અલ્લાહ માટે. અર્થાત્ જો અલ્લાહને આ પસંદ હોય કે એ વ્યક્તિથી પ્રેમનો સંબંધ રાખવામાં આવે તો જ એ તેનાથી પ્રેમ કરે છે. કુફ્ર તરફ પલટવાને એવું બૂરૂં સમજે જાણે કે તેને આગમાં ફેંકવામાં આવી રહ્યો છે.

આનાથી આ પણ જણાયું કે ઈમાન માનવીની ઊંડામાં ઊંડી લાગણીને પોતાના પ્રભાવ હેઠળ લાવે અને તેને નિખારે છે. ઈમાન અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.ને ફક્ત માનવાનું નામ નથી બલ્કે વાસ્તવમાં તેમને પોતાના પ્રિય બનાવી લેવાનું નામ છે. એવા પ્રિય કે જેમનાથી વધીને કોઈ પણ પ્રિય ન હોય. ઈમાનનું જીવન સંપૂર્ણપણે પ્રેમનું જીવન હોય છે. આવું જીવન હજારો સૌંદર્યની પ્રાપ્તિ હોય છે.

એક અન્ય હદીસમાં ઈમાનની કૈફિયતને આ શબ્દોમાં વર્ણવવામાં આવી છે : ઈમાનની લિજ્જતને ઓળખનાર બની ગઈ એ વ્યક્તિ કે જે અલ્લાહના રબ, ઈસ્લામના દીન અને હઝરત મુહમ્મદ સ.અ.વ.ના રસૂલ હોવા પર રાજી અને ખુશ થઈ ગઈ.’’ (મુસ્લિમ)

હક્ક (સત્ય)નો આદર

(૧) અનુવાદ :

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે તેઓ કહે છે કે રસૂલે ખુદા સ.અ.વ.એ ઈર્શાદ ફરમાવ્યું : કયામતના દિવસે અલ્લાહતઆલા ફરમાવશે : ક્યાં છે એ લોકો જેઓ મારી મહાનતા[૧] અને શાનના કારણે પરસ્પર એકબીજાથી પ્રેમ ધરાવતા હતા ? આજે જ્યારે કે મારા છાંયડા સિવાય કોઈ છાંયડો નથી, હું તેમને (મારા) પોતાના છાંયડામાં જગ્યા આપીશ.[૨] (મુસ્લિમ)

સમજૂતી :

[૧]કુર્આનમાં છે : તમને શું થઈ ગયું છે કે અલ્લાહ માટે તમે કોઈ ગૌરવની આશા નથી રાખતા.’’ (સૂરઃ નૂહ, આયત-૧૩). અલ્લાહની મહાનતા અને તેના ગૌરવને સ્વીકારવાનો અર્થ આ છે કે મનુષ્ય સ્વયં પોતાને અલ્લાહની મહાનતાઓ સમક્ષ નિમ્ન કરી દે અને ખુદ પોતાને તેના આજ્ઞાપાલન અને બંદગીમાં આપી દે. તેની મહાનતા અને મોટાઈનો એકરાર કરનાર હોય. પોતાના સર્જનહારની શાન અને મહાનતામાં પવિત્રતાનું વલણ આજ્ઞાપાલક બંદાઓના હક્કોને ઓળખે. આથી એક રિવાયતમાં છે કે કયામતના દિવસે અલ્લાહતઆલા ફરમાવશેઃ

(અનુસંધાન 5મા પાને)

❑❑❑❑❑❑❑

“જ્ઞાન સભા’’

જબરદસ્તીની ખુલ્અ જાઈઝ નથી

“જ્ઞાન સભા’’

ડૉ.આઈઝુલ કરની

પ્રશ્ન : એક મહિલાને તેના પતિએ ચાર વર્ષથી છોડી રાખી છે. તે પોતાના પિયરમાં માતા-પિતાની સાથે રહે છે. તેની બે દીકરીઓ છે. આ ચાર વર્ષોમાં પતિએ તેને ખર્ચ માટે એક રૂપિયો પણ નથી આપ્યો. હવે ચાહે છે કે એ મહિલા (તેની પત્ની) ખુલ્અ લઈ લે. શું આ રીતે જબરદસ્તીની ખુલ્અ જાઈઝ છે? એ મહિલાના મા-બાપ બહુ જ ગરીબ છે. તેમણે મુશ્કેલીથી તેના લગ્ન કર્યા હતા. પોતાની હેસિયતથી વધીને દહેજ આપ્યો હતો. હવે આ માણસ દીકરીઓને તેમની માતા પાસે છોડીને અલગ થવા ચાહે છે આ મહિલાએ હવે શું કરવું જોઈએ ? મામલાને સુધારવાનો દરેક શક્ય પ્રયાસ કરી લીધો છે, પરંતુ પતિનો ઉત્તર બસ આ જ છે કે ‘ખુલ્અ’ લઈ લે, નહીં તો આ રીતે જ લટકાવેલ રાખીશ. મહિલાના પિતાને લકવા થઈ ગયો છે. એ નાની મોટી જોબ કરી બાળકોનું ભરણ-પોષણ કરવા માટે મજબૂર છે. શું તે પતિ વિરુદ્ધ કેસ કરી શકે છે ? અથવા આવી સ્થિતિમાં પણ કેસ કરવો ગુનાહ હશે ?

ઉત્તર : વિવાહિત જીવનમાં ઈસ્લામે પતિ અને પત્ની બન્નેના હક્કો નક્કી કરી દીધા છે. પતિને હુકમ આપ્યો છે કે તે પત્ની તથા બાળકોની દેખરેખ રાખે, તેમની રક્ષા કરે, અને તેમની જરૂરિયાતોને પૂરી કરે. અને પત્નીને હુકમ કર્યો છે કે એ પતિનું આજ્ઞાપાલન કરે. તેના ઘરની દેખભાળ અને બાળકોનો ઉછેર કરે. જો આ માર્ગદર્શન પર પતિ-પત્ની અમલ કરે તો વિવાહિત જીવન સુમેળભર્યું વીતે છે અને ઘરમાં સુકૂન રહે છે.

ઘણી વખત પતિ-પત્ની વચ્ચે એકબીજાથી શિકાયતો થઈ જાય છે અને ઝઘડા માથું ઊંચકવા લાગે છે. આ સ્થિતિમાં કુર્આનનું શિક્ષણ આ છે કે પ્રથમ તબક્કામાં પતિ-પત્ની પોતે, કોઈ અન્યને સામેલ કર્યા વિના પોતાના વિવાદોને દૂર કરવાના પ્રયત્નો કરે. જો આમાં તેમને સફળતા ન મળે તો પોત-પોતાના પરિવારના વડીલો સુધી મામલાને લઈ જાય. તે બધા પરસ્પર મળી-બેસીને એ શિકાયતોને દૂર કરવા પ્રયત્નો કરે. આ રીત યોગ્ય નથી કે પતિ પત્નીની કોઈક વાતથી નારાજ થઈને તેને પોતાનાથી દૂર કરી દે, તેને તેના પિયર મોકલી દે, અને પછી તેનાથી કોઈ સંબંધ ન રાખે, અથવા એ પત્નીને નિરાધાર છોડી પોતે ક્યાંક બીજી જગ્યાએ ચાલ્યો જાય; અથવા પત્ની પતિથી રીસાઈને પોતે જ પિયર જઈ બેસે.

જો મેળ-મિલાપના બધા જ પ્રયત્નો નિષ્ફળ થઈ જાય તો અલગ થવાની કોઈ રીત અપનાવી શકાય છે, અથવા તો પતિ તલાક આપી દે. આ સ્થિતિમાં તલાકની સૌથી સારી રીત અપનાવવી જોઈએ. અર્થાત્ પતિ પત્નીની પાકીની સ્થિતિમાં ફક્ત એક તલાક આપે. ઈદ્દત પછી બન્નેનો સંબંધ ખતમ થઈ જશે. આનો ફાયદો આ છે કે ઈદ્દત દરમ્યાન ‘રુજૂ’ કરવાનો મોકો રહે છે. અને જો ઈદ્દત વીતી જાય તો પાછળથી નવા મહેર સાથે બન્નેનો નિકાહ થઈ શકે છે. બીજી સ્થિતિ આ છે કે સ્ત્રી (પત્ની) પતિથી ‘ખુલ્અ’ની માગ કરે અને પતિ તેને મંજૂર કરી લે. આ સ્થિતિમાં જો પત્ની મહેર મેળવી ચૂકી છે તો પતિના માગવાથી તેને પાછી આપવી પડશે. આજકાલ ભારતીય પાર્લાન્ટ/સંસદમાં

(અનુસંધાન 5મા પાને)

ઇસ્લામી મુઆશરા

મહિલાઓ સાથે સદ્વર્તન

પ્રો. મુ. સઊદ આલમ કાસમી

હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! તમારા માટે એ હલાલ નથી કે બળજબરીપૂર્વક સ્ત્રીઓના વારસદાર બની બેસો, અને એ પણ હલાલ નથી કે તેમને પજવીને તે મહ્રનો કેટલોક ભાગ પડાવી લેવાની કોશિશ કરો જે તમે તેમને આપી ચૂકયા છો. હા, જો તેઓ કોઈ ખુલ્લી બેદરકારીનું કામ કરે (તો ચોક્કસ તેમને તંગ કરવાનો હક્ક છે) તેમની સાથે ભલી રીતે જીવન વિતાવો.

માનવ-જીવન અને માનવ-સમાજનો આધાર સ્ત્રી અને પુરુષના પવિત્ર સંબંધો પર છે. જો આ સંબંધો સુમેળભર્યા છે તો પરિવારમાં નિયમો તથા સિદ્ધાંતો અને દઢતા છે. અને જો એ સંબંધો સુમેળભર્યા નથી અને ખેંચતાણ છે તો કુટુંબ કે પરિવાર પરેશાન અને બરબાદ છે. નિર્માણ તથા પ્રગતિ કે વિકાસથી વંચિત અને અલ્લાહની રહેમતથી દૂર છે. અલ્લાહતઆલાએ સ્ત્રી અને પુરુષને સમાન મહત્ત્વ આપ્યું છે અને બન્નેને યોગ્ય જવાબદારીઓ ધરાવનાર બનાવ્યા છે, પુરુષને બાળ-બચ્ચાના ભરણ-પોષણ અને શિક્ષણ-પ્રશિક્ષણનો જવાબદાર બનાવ્યો છે અને સ્ત્રીને ઘરની રક્ષા અને બાળકોની દેખભાળ તેમજ ઉછેરની જવાબદાર બનાવી છે. આ બન્ને પોત-પોતાની જવાબદારીઓ વિષે અલ્લાહને ત્યાં ઉત્તરદાયી હશે. રસૂલે પાક સ.અ.વ. ફરમાવે છે:

“પુરુષ પોતાના ઘરવાળાઓનો નિરીક્ષક છે. તમારામાંથી દરેક નિરીક્ષક છે, અને પોતાના નિરીક્ષણ બાબતે અલ્લાહને ત્યાં ઉત્તરદાયી છે.” (બુખારી)

અલ્લાહતઅલાએ પુરુષ અને સ્ત્રી બન્નેને એકબીજાની પૂર્ણતા અને સુકૂનનું માધ્યમ બનાવેલ છે, અને બન્નેના હક્ક એકબીજા પર નક્કી કર્યા છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે:

“સ્ત્રીઓ માટે પણ સામાન્ય નિયમ અનુસાર એવા જ અધિકારો છે, જેવા પુરુષોના અધિકારો તેમના ઉપર છે. અલબત્ત, પુરુષોને તેમના ઉપર એક દરજ્જો પ્રાપ્ત છે.” (સૂરઃ બકરહ, આયત-૨૨૮)

પતિ-પત્ની બન્નેને સરખા હક્કો અને ફરજોના જવાબદાર ઠેરવ્યા છતાં અલ્લાહતઆલાએ પતિને પત્ની પર સાધારણ ‘ફઝીલત’ (શ્રેષ્ઠતા) એનાયત કરી છે, અને આનું કારણ પણ બીજી આયતમાં સ્પષ્ટ કરેલ છે, કે પુરુષ પર પત્ની તથા બાળકોના ભરણ-પોષણની જવાબદારી છે, અને સ્વાભાવિક વાત છે કે ભરણ-પોષણ કરનાર તથા જવાબદારને તેના ભરણ-પોષણ હેઠળ લોકો પર ઉચ્ચતા હોય છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે:

પુરુષો સ્ત્રીઓના કવ્વામ છે, એ આધારે કે અલ્લાહે તેમનામાંથી એકને બીજા ઉપર ‘ફઝીલત’ (વિશિષ્ટતા) આપી છે, અને એ આધારે પણ કે પુરુષ પોતાનું ધન ખર્ચ કરે છે.

પતિ જો ઘરનો નિરીક્ષક અને મેનેજર છે તો તેણે ઘરની સમસ્યાઓ ઘરવાળાઓની સલાહ-મસ્લતથી ઉકેલવી જોઈએ. સરમુખત્યાર બનીને હુકમ ચલાવવો ન જોઈએ. ઘરના લોકોની ઈજ્જત અને આદર કરવા જોઈએ, અને તેમના વિષે અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.ની હિદાયતો (માર્ગદર્શન)નું પાલન કરવું જોઈએ. ઈસ્લામથી પહેલાં આરબ સમાજમાં બલ્કે દુનિયાના અન્ય ભાગોમાં સ્ત્રીઓને ઈજ્જત તથા આદરને પાત્ર સમજવામાં આવતી ન હતી. તેમનાથી દુર્વ્યવહાર કરવામાં આવતું હતું, તેમના પર જુલ્મ-અત્યાચાર કરવામાં આવતું હતું, અને તેમના જાનમાલ ઉપર અનુચિત કબજો જમાવવામાં આવતો હતો. ઈસ્લામે અજ્ઞાનતાના એ અમાનવીય કૃત્યને ખતમ કરી દીધું, અને સ્ત્રીઓને સમાન ઈજ્જત તથા આદરને પાત્ર ઠેરવી, વિશેષરૂપે પત્નીની ઈજ્જત તથા સન્માનને ખૂબ જ પવિત્ર અને તેમની સાથે સદ્વર્તનની ખૂબ જ તાકીદ કરી.

રસૂલુલ્લાહ સ.અ.વ.એ સ્ત્રીઓ સાથે સદ્વર્તન કરવા અને તેમની ઈજ્જત તથા આદરને પુરુષોની શરાફત-સજ્જનતાનું માપદંડ ઠેરવ્યું છે. આપ સ.અ.વ. ઈર્શાદ ફરમાવે છે:

તમારામાંથી શ્રેષ્ઠ માનવી એ છે જે પોતાના ઘરવાળાઓ માટે બહેતર હોય અને હું તમારા લોકોમાં પોતાના ઘરવાળાઓ માટે સૌથી વધુ બહેતર છું.” (તિર્મિઝી, અબ્વાબુલ મનાકિબ)

એક અન્ય પ્રસંગે ઈર્શાદ ફરમાવ્યું:

“મોમિનોમાં સૌથી પૂર્ણ ઈમાન એનો છે જેનું ચારિત્ર્ય વધુ સારૂં હોય, અને તમારામાં શ્રેષ્ઠ લોકો એ છે જેઓ પોતાની સ્ત્રીઓ અંગે બહેતર છે.” (તિર્મિઝી)

તમે જોયું અને સાંભળ્યું હશે કે ઘણાં બધા લોકો જે બહારની દુનિયામાં, મજલિસોમાં, ઓફિસોમાં ખૂબ જ સુસભ્ય અને શરીફ સજ્જન તેમજ મોભાદાર દેખાય છે, પરંતુ જ્યારે પોતાના ઘરમાં જાય છે તો પત્ની તથા બાળકો ઉપર જુલ્મ-અત્યાચાર ગુજારે છે. તેમના તરફે જાલિમ અને ક્રૂર બની જાય છે. ઘણાં બધા બાહ્ય રીતે દીનદાર દેખાતા લોકો પણ આ જ હરકત કરે છે. આ તમામ અજ્ઞાનતાની ટેવો છે, જેમને ખતમ કરવા માટે ઈસ્લામ આવ્યો હતો.

(વધુ આવતા અંકે)

સોનેરી વાક્યો **સોનેરી વાક્યો**

સોનેરી કથન

અલ્લામા ઈકબાલ રહ. (ઈ.સ. ૧૮૭૭ થી ઈ.સ. ૧૯૩૭)

(શાયર અને ચિંતક, પોતાની શાયરીથી ભારતીય મુસલમાનોમાં જાગૃતિનું એક મોજું સર્જ્યું. જાણીતા પુસ્તકો ‘બાલે જિબ્રીલ’, ‘બાંગે દરા’, ‘ઝર્બે કલીમ’, ‘અર્મુગાને હિજાઝ’ અને ‘પયામે મશ્રિક’ છે.)

- ફક્ત એક ધ્યેયની લગનીવાળો માણસ જ રાજકીય તથા સામાજિક ઈન્કિલાબો પેદા કરે છે, સલતનતો સ્થાપે છે અને દુનિયાને બંધારણ અર્પે છે.
- ઈતિહાસ એક પ્રકારનો મોટો ગ્રામોફોન છે કે જેમાં કોમોના અવાજ સુરક્ષિત છે.
- મનુષ્યને હંમેશ આ વાતનો અહેસાસ રહેવો જોઈએ કે નેક અમલ ક્યારેય વેડફાતો નથી. આ ધારણા ખોટી છે કે તેનું વળતર ફક્ત આવનાર જીવનમાં મળશે.
- યાદ રાખો કે માનવીના અસ્તિત્વનું રહસ્ય માનવતાના આદરમાં છે.
- સબ્ર (ધૈર્ય) મુસલમાન માટે સૌથી મોટું સૌભાગ્ય છે. આ વાત ખૂબ જ અફસોસજનક છે કે કોઈ વ્યક્તિનું જ્ઞાન તથા ફઝલ કે આદર આપણને સત્યવાત કહેવાથી રોકે.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ,
અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

‘ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ.
ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.’ (તિબરાની)

M : 9898062816
Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

SHOEZONE
શુ ઝોન
ALL TYPE OF GENTS AND LADIES FOOTWEAR

EXCLUSIVE RANG OF FOOTWEAR
HUNER NAGORI : 9624982155
6739, Agarwal House, Opp, Z.K. Hotel, Relief Road, Ahmedabad-01.

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે,
સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

હદીસ

(ત્રીજા પાનાનું ચાલુ)

“એ લોકો કયાં છે જેઓ મારા ‘જલાલ’ (રોફ, દબદબો, શાન)ના લીધે પરસ્પર એકબીજાથી પ્રેમ કરતા હતા? આજે હું તેમને પોતાના છાંયડામાં જગ્યા આપીશ, મારા છાંયડા સિવાય આજે કોઈ છાંયડો નથી.” (મુસ્લિમ)

અલ્લાહના ‘જલાલ’ (રોફ, દબદબો, શાન) અને તેની મહાનતાનું ધ્યાન રાખનારાઓને અલ્લાહ બક્ષી-માફ કરી દેશે. અલ્લાહ કોઈ સંવેદનહીન હસ્તી નથી કે બંદો તો તેની મહાનતાઓ સમક્ષ ઝૂકી જાય અને એ પોતાના એ બંદાની જરૂરતની કે જેને તે પૂરી કરી શકે છે ઉપેક્ષા કરી દે. ચોક્કસપણે તે એવા બંદાઓની ભૂલચૂકને માફ ફરમાવી દેશે, અને તેને પોતાની રહેમતોથી ઢાંકી લેશે.

જણાયું કે અલ્લાહની મહાનતાનો અહેસાસ ફક્ત એક અહેસાસ જ નથી બલ્કે આ અહેસાસ માનવીના જીવનને એક નવી સભાનતા બક્ષે છે જેના લીધે માનવ-જીવનમાં એવી ગાઢતા, ઊંચાઈ અને પવિત્રતા આવી જાય છે અને જીવન એક એવી લિજ્જતથી પરિચિત થઈ જાય છે કે જેની સામાન્ય પરિસ્થિતિમાં કોઈ કલ્પના પણ નથી કરી શકતો. દુનિયામાં આમ તો લોકો એકબીજાથી સંબંધ તથા પ્રેમ રાખે જ છે, પરંતુ એ સંબંધ અને પ્રેમની વાત જ કંઈ બીજી છે જેની પાછળ અલ્લાહની મહાનતાનો અહેસાસ કાર્યરત્ હોય, જે અલ્લાહની મોટાઈનો તકાદો બનીને સામે આવે.

અલ્લાહના આ ઈર્શાદથી કે “એ લોકો ક્યાં છે કે જેઓ એકબીજાથી મારી મહાનતાના લીધે પ્રેમ કરતા હતા.” નો હેતુ વાસ્વતમાં તેમને પ્રેરણા આપવી અને તેમનું સન્માન કે મોભો વધારવાનો છે.

કયામતના દિવસો જેમનો અલ્લાહની રહેમત અને આસ્માનનો છાંયડો મળી ગયો તે પોતાની કિસ્મતની ખૂબી ઉપર જેટલું પણ ગર્વ કરે એ ઓછું છે. એ દિવસે જેમને અલ્લાહનો છાંયડો ન મળી શક્યો તેમને કોઈ પણ છાંયડો મળી નહીં શકે. કોઈ પણ નહીં હોય કે જે તેમના માટે કોઈ છાંયડો ઉપલબ્ધ કરાવી શકે. એ દિવસે (બધા જ જૂઠા સહારા સમાપ્ત થઈ ચૂક્યા હશે. આ એવો દિવસ હશે કે અસત્યનું અસત્ય હોવું પ્રકાશિત દિવસની જેમ ખુલ્લું થઈ જશે. જૂઠા માબૂદો (ઉપાસ્યો)ના ભાગે એ દિવસે ભય, આશા તથા પસતાવા અને લજ્જિત થવા સિવાય બીજું કાંઈ નહીં આવે.

જબરદસ્તીની ખુલ્અ...

(ત્રીજા પાનાનું ચાલુ)

મંજૂર ત્રણ તલાકના કાયદાથી લોકો એટલા ડરી ગયા છે કે એક તલાક આપવાથી પણ ડરે છે. એટલે તેઓ પત્નીને કહે છે કે હું તલાક નહીં આપું. તમે ઇચ્છો તો ‘ખુલ્અ’ લઈ લો. જો પત્ની દરેક સ્થિતિમાં સંબંધ ખતમ કરવા અને પતિથી પીછો છોડાવવા ચાહે છે તો મજબૂરીમાં એ પતિની આ માગ પૂરી કરી શકે છે, પરંતુ આ વાત સ્પષ્ટ રહે કે પત્નીને ‘ખુલ્અ’ની માગ કરવા પર મજબૂર કરવી એ ઉચિત નથી. જબરદસ્તીની ‘ખુલ્અ’ ઈસ્લામમાં જાઇઝ નથી. કુર્આનમજીદમાં સ્પષ્ટ શબ્દોમાં હુકમ આપવામાં આવ્યો છે:

“અને એ પણ હલાલ નથી કે તેમને પજવીને તે મહ્રનો કેટલોક ભાગ પડાવી લેવાની કોશિશ કરો જે તમે તેમને આપી ચૂક્યા છો.” (સૂરઃ નિસા, આયત-૧૯)

અલગ થયા પછી બાળકોનો ઉછેર પિતાની જવાબદારી છે. બાળકો નાના હોય તો એ માતાની પાસે રહેશે અને પિતાને તેમને મળવા અને તેમની દેખભાળ કરવાનો હક્ક હશે. સાથે જ તેને તેમના તમામ ખર્ચાઓ સહન (પૂરા) કરવા પડશે. જે પિતા પોતાની આ જવાબદારી પૂરી નથી કરતા એ ગુનેગાર હશે અને અલ્લાહને ત્યાં તેમની પકડ થશે. બાળકોથી પિતાની લાપરવાઈના લીધે જે માતાઓ બાળકોના ઉછેર માટે જદ્દોજહદ કરે છે, અને કંઈક કમાવીને તેમના ખાવા-પીવાની વ્યવસ્થા કરે છે તેમને અલ્લાહને ત્યાં મોટું ઇનામ મળશે.

બાળકોના ઉછેર પર પિતાને મજબૂર કરવા માટે કોઈ પણ ઉપાય કરી શકાય છે. આ મામલામાં કુટુંબના વડીલોને સામેલ કરવામાં આવે. સામાજિક દબાણ નાખવાનો પ્રયાસ કરવામાં આવે. દારુલ કઝાથી સંપર્ક સાધવામાં આવે અને આનાથી પણ વાત ન બને તો ફેમિલી કોર્ટ કે દેશની અદાલતમાં પતિની વિરુદ્ધ કેસ કરી શકાય છે. આમાં કોઈ વાંધો નથી. સ્ત્રી ગુનેગાર નહીં હોય.

પ્રસંગ-પાઠ

અકથ્ય નિંદા

• મુહમ્મદ સઈદ શેખ

હઝરત સૈયદના અહમદ બિન મુહમ્મદ બિન તૂસી અલયહિ રહ.એ ફરમાવ્યું મેં અલ્લાહના પ્રસિદ્ધ વલી હઝરત સૈયદના ઈબ્રાહીમ આજરી અલયહિ રહ.ને આ કહેતાં સાંભળ્યા : મારા ગુરુ હઝરત સૈયદના ઈબ્રાહીમ આજરી કબીર (સીનિયર) રહ.એ ફરમાવ્યું, ‘ઠંડીના દિવસોમાં એક દિવસ હું મસ્જિદના બારણા પાસે બેઠો હતો કે મારી પાસેથી એક માણસ પસાર થયો જેણે બે ગોદડી ઓઢી રાખી હતી. મારા મનમાં આ વિચાર આવ્યો કે કદાચ આ એ લોકોમાંથી છે જેઓ ભીખ માંગે છે. કેટલું સારૂં થાત જો એ પોતે કમાવીને ખાત. હું ઊંઘી ગયો તો સપનામાં જોયું કે મારી પાસે બે ફરિશ્તા આવ્યા, મને હાથ પકડી મસ્જિદમાં લઈ ગયા. મેં જોયું કે નજીકમાં જ એક માણસ બે ગોદડીઓ ઓઢી ઊંઘી રહ્યો છે. જયારે એના ચેહરા પરથી ગોદડી હટાવવામાં આવી તો હું અચંબિત રહી ગયો કેમ કે આ એ જ માણસ હતો જે મારી પાસેથી પસાર થયો હતો. ફરિશ્તાઓએ મને કહ્યું ‘આનું માંસ ખાવો’ મેં કહ્યું મેં તો આની નિંદા નથી કરી. એમણે કહ્યું ‘કેમ નહિ! તે તારા મનમાં આની નિંદા કરી અને આને તુચ્છ જાણ્યો અને એનાથી નાખુશ થયો.’

ઈબ્રાહીમ આજરી રહ. ફરમાવે છે : પછી મારી આંખો ખુલી ગઈ, ભયના લીધે હું ધ્રૂજવા લાગ્યો. હું લાગલગાટ ત્રણ દિવસ આજ મસ્જિદના બારણે બેસી રહ્યો, માત્ર ફર્ઝ નમાઝ માટે ઊઠતો હતો. હું દુઆ કરતો કે ફરીથી એ માણસ મને દેખાય જેથી હું એનાથી માફી માંગું. એક મહિના પછી એ માણસ ફરીથી એવી જ સ્થિતિમાં એટલે કે શરીર પર બે ગોદડીઓ ઓઢી જતો દેખાયો. હું તરત એની તરફ દોડ્યો. મને જોઈને એ ઝડપથી ચાલવા લાગ્યો, હું પણ ઝડપથી એની પાછળ ચાલવા લાગ્યો. મને અનુભૂતિ થઈ કે કદાચ હું એની પાસે નહિ પહોંચી શકું અને એ મારાથી દૂર ચાલ્યો જશે તો મેં એને કહ્યું ‘એ અલ્લાહના બંદા! હું તારી સાથે કંઈક વાત કરવા માંગું છું.’ એણે કહ્યું ‘એ ઈબ્રાહીમ શું તમે પણ એ લોકોમાંથી છો જેઓ હૃદયમાં મોમિનીનની નિંદા કરે છે?’

સૈયદના ઈબ્રાહીમ કબીર રહ. ફરમાવે છે-

એની વાત સાંભળી હું બેહોશ થઈ ગયો. જયારે ભાનમાં આવ્યો તો મેં જોયું એ માણસ મારી પાસે ઊભો હતો, એણે કહ્યું શું ફરી વાર આવું કરશો? મેં કહ્યું નહિ હવે ક્યારેય આવું (એટલે કે મનમાં નિંદા) નહિ કરું. પછી એ માણસ મારી સામેથી ઓઝલ થઈ ગયો અને ફરી કયારેય ન દેખાયો.

નિરાશાનું પ્રબંધન

(સાતમાં પાનાનું ચાલુ)

અમને કોઈ આશા દેખાતી જ નથી અને કોઈ ઉકેલ નથી મળી રહ્યો, આપણે આપણી નિરાશામાં સપડાયેલા છીએ. પ્રશ્ન આ છે કે એક સાચા આસ્તિક (ધાર્મિક)એ આ સ્થિતિમાં શું કરવું જોઈએ ? અલ્લાહ આપણને આ આયતોના માધ્યમથી ઉત્તર આપે છે અને આપણને બતાવે છે કે આપણે કઠિન સમય વખતે કેવો વ્યવહાર કરવો જોઈએ.

અલ્લાહ કહે છે કે આપણે તેનાથી મદદ માગવી જોઈએ અને બે કામ કરવા જોઈએ. સૌ પ્રથમ ધૈર્ય રાખવો જરૂરી છે. આપણે ફરિયાદ ન કરવી જોઈએ, બલ્કે શાંત રહેવું જોઈએ, અને આશા રાખવી જોઈએ કે આ કઠિનાઈ દૂર થઈ કે મટી જશે. બીજું આ કે આપણે પ્રાર્થનાના માધ્યમથી તેનાથી સહાયતા માગવી જોઈએ. આ વસ્તુઓ આપણનો જીવનમાં દુઃખ અને મુશ્કેલ સમયમાંથી નીકળવામાં મદદરૂપ થશે. •••

ગુજરાતનું ગૌરવ ❖ ® આધુનિક ખત્ના કેન્દ્ર
આધુનિક ખત્ના કેંદ્ર
સહર્ષ જણાવવાનું કે અમારી સંસ્થા આધુનિક ખત્ના કેન્દ્ર તથા ફોટાને રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક મળેલ છે. અમોએ ૪૫ વર્ષમાં ૪૫,000 (પિસ્તાળીસ હજાર) ઑપરેશન કરેલ છે. સર્જન તથા ખલીફાનું મિશ્રણ કરી નવી પદ્ધતિ વિકસાવેલ છે. સ્ટરીલાઇઝ સાધનો વાપરી ઈસ્લામી પદ્ધતિથી ખત્ના કરીએ છીએ. ફક્ત ત્રણ મિનિટમાં ખત્ના થઈ જાય છે. (ઈ.અ.) બાળકને દર્દ કે લોહી નીકળતું નથી. બાળક તરત જ ચડ્ડી પહેરી ચાલી, દોડી કે રમી શકે છે તથા ઊંધુ સૂઈ શકે છે. બહારગામના બાળકને તરત જ પાછો લઈ જઈ શકાય છે. ફરી પાછા આવવું પડતું નથી સર્વધર્મના બાળકને જેની ચામડી ચડતી ન હોય તેની તકલીફ દૂર કરી શકાય છે. શ્વાસ ખેંચાઈ જતો હોય કે મેન્ટલ રીફ ર્ડેશન હોય કે સુન્નત નાની અથવા તો અંદર ખેંચાઈ જતી હોય કે ખેંચ (તાણ) આવતી હોય તેની પણ ખત્ના કરી શકાય છે.
કાનૂની સલાહ : અમારો ટ્રેડમાર્ક તથા લોગોનો કોઈ ઉપયોગ કરી શકશે નહીં.
ડૉ. યાસીન સૈયદ (MBBS)
(૧) શાહીન ડુપ્લેક્ષ, જુહાપુરા. (સોમ, મંગલ, ગુરૂ, શની સમય સવારે ૧૦ થી ૧૨)
(૨) પત્થરવાલી મસ્જીદ પાસે શાહપુર. (સોમ, મંગલ, ગુરૂ, શની સમય સાંજે ૭ થી ૯:૩૦)
ડૉ તૌફીક સૈયદ (BHMS) પાકવાડા, શમશેર બાગ સામે ગોમતીપુર.
સોમ થી રવિ સમય સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ | સોમ થી શની સમય સાંજે ૬ થી ૯
મો. 98251 53388 | 93279 24050 | 99097 12900 | 81408 94486

Gulamnabi (R) 242588
Alimohd. (R) 244815
Phone : (02774) Mill : 242986
M MRM M
MODASA
RICE MILL
RICE, WHEAT MERCHANT AND COMMISSION AGENT
20-23, G.I.D.C., MODASA- 383315, DIST. SABARKANTHA (GUJARAT)

AFFIL™ AMERICAN excel
ટ્રોલી, સૂટકેશ બનાવનાર અને વેચનાર
હજ્જ અને ઉમરાહ માટે સ્પેશ્યલ બેગ મળશે.
સૈફ લગેજ મો : ૯૮૨૫૧૮૬૯૧૧
સલોની ફલેટ સામે, ગન હાઉસ પાસે, સૈયદવાડા, ખાનપુર,
અ’બાદ-૦૧ ● ઓફિસ : ૦૭૯-૨૫૫૧૦૬૯૮

શફી ફોન : ૨૫૩૫૭૭૫૮
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ,
હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

ફોન : ૨૫૩૫૭૭૫૮
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ,
પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની
બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

સમીર સાબુવાલા
૯૮૨૪૫ ૪૭૯૯૮
પ્રો. યૂનુસભાઈ સાબુવાલા
ફિરદોસ
રંગીન તથા સફેદ પોપલીન પ્રિન્ટેડ કાપડ મળશે અને ચણીયાના છૂટક તથા જથ્થાબંધ વેપારી
મન્સુરી ઈબ્રાહીમભાઈ સાબુવાલાની કંપની સામે
ઢાલગરવાડ, કાપડ બજાર, અ’બાદ-૩૮૦૦૦૧.

જાતિવાદ આધારિત હિંસક ઘટનાઓ:

સમાનતાના ધોરણો અને વૈકલ્પિક વ્યવસ્થાની શોધ

કલીમ અન્સારી

ઘટના-૧

ચેન્નાઈના પલ્લીકરનાઈમાં ઓક્ટોબર ૨૦૨૩માં કાર મિકેનિક પ્રવીણે કોલેજમાં ચોથા વર્ષમાં ભણતી શર્મિલા સાથે ભાગીને લગ્ન કર્યા હતા. પ્રવીણ અનુસૂચિત જાતિનો છે જ્યારે શર્મિલા યાદવજાતિની છે જેનો સમાવેશ ઓબીસીમાં થાય છે. અનુસૂચિત જાતિ એ ઓબીસી જાતિ કરતાં વધુ પછાત છે તેવા ખયાલ સાથે શર્મિલાના ભાઈઓએ મળીને ફેબ્રુઆરી ૨૦૨૪ માં પ્રવીણની હત્યા કરી નાખી. તેના ૨ મહિના પછી પ્રવીણના દુઃખમાં શર્મિલાએ ૨૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ આત્મહત્યા કરી લેતા સુખદ દંપતિનું દુઃખદ અંત આવ્યો હતો.

ઘટના-૨

મુંબઈ સ્થિત મેનેજમેન્ટ ફર્મના માલિક દત્ત સાહેબે ૧૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ કહ્યું કે અમે જય ભીમ વાળા (દલિત)ને રોજગાર આપતા નથી. આ કથિત ઘટના મુંબઈના ગોરેગાંવ ખાતે બની હતી.

ઘટના-૩

આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે દલિત મુંડન કેસમાં પીડિતોને પ્રતિવાદી તરીકે સામેલ કરવા નિર્દેશો જારી કર્યા છે. એમએલસી થોટા ત્રિમૂર્તુલું તથા અન્ય આઠ સામે વિશાખાપટ્ટનમ એસસી એસટી વિશેષ અદાલતે ૧૮ મહિનાની સજા કરી હતી. આ વિશેષ અદાલતના આદેશને ઉપરી અદાલતમાં પડકારવામાં આવ્યો છે.

ભારત દેશની સ્થાપના ૧૯૪૭માં થઈ તે સમયે વર્ણવ્યવસ્થાને નાબૂદ કરી દેશમાં તમામ નાગરિકો સમાન છે તેવું ઘોષિત કરવામાં આવ્યું હતું. પરંતુ પોતાની જાતને ઊંચી હોવાના ભ્રમમાં રાચતા ઉચ્ચ જાતિના લોકોમાં આ વસ્તુ સ્વીકાર્ય ન'હોતી. તેઓએ વખતોવખત તેનો અહેસાસ દેશના દલિત એસસી એસટીને કરાવ્યો છે. આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી તો થઈ ગઈ પરંતુ દેશમાં જાતિ આધારિત હિંસક ઘટનાઓ સ્વતંત્ર દેશ અને સમાન નાગરિકોની ચાડી ખાય છે.

કહેવાતા સવર્ણો ૨૦૨૪માં પણ ભણી ગણીને માનસિક બીમાર જ રહ્યા. તેઓ દલિત સમાજના લગ્નમાં વરરાજાને ઘોડા પર જોઈ શકતા નથી. લુખી ધમકીઓ આપવામાં આવે છે. સવર્ણો તેમની જાતિથી મેળ ખાતા રીતરિવાજોને દલિતો કરે તે પણ ચલાવતા નથી. દલિત, એસ.સી, એસટીને અડધા માથાથી મુંડન કરી બેઈજ્જત કરવામાં આવે છે. તેમની સ્ત્રીઓને મંદિરોમાં (શ્રદ્ધા હોવા છતાં) પ્રવેશતા અટકાવવામાં આવે છે. સાથે બેસાડવામાં જીવ બળે છે. સાથે ખાવામાં અને નોકરી કરવા પણ તેમની સડી ગયેલી માનસિકતાને તકલીફ પડે છે. આ માનસિકતા દેશના સવર્ણોમાં એવી ઘર કરી ગઈ છે કે પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહી છે.

કાયદાકીય રીતે દલિત, એસસી અને એસટી માટે પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ્સ એક્ટ, ૧૯૫૫ અને શિડ્યુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાઈબ (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટી) એક્ટ, ૧૯૮૯ અમલમાં છે પરંતુ સૌથી મોટી તકલીફ આ છે કે કાયદા બનાવનારા મોટાભાગના સવર્ણો છે અને વ્યવસ્થા તંત્ર અને ન્યાયતંત્રમાં મોટાભાગના લોકોએ છે જે ઉચ્ચ જાતિના છે તેથી આ બંને કાયદા હેઠળ પણ તેમની રક્ષણની બાંયધરી અને સમાન હકો પ્રાપ્ત થતા નથી. કેટલાક કિસ્સાઓમાં માંડ માંડ એફઆઈઆર થાય છે જ્યારે કેટલાક કિસ્સાઓમાં તો પીડિતોને જ આરોપી તરીકે દર્શાવવામાં આવે છે!!!

દેશમાં છેલ્લા દસ વર્ષથી હિન્દુ, હિન્દુત્વ અને હિન્દુ રાષ્ટ્રની બોલબાલા છે. આશ્ચર્યની વાત છે કે દલિત એસસી એસટીનો ભાગ ૮૦ ટકા છે. હિન્દુ હોવામાં. જો એસસી, એસટી, અને દલિતો આ સરકારને કે જેણે હિંદુત્વનો નારો બુલંદ કર્યો છે પોતાનો કિંમતી મત ના આપે તો શક્ય નથી કે આ સવર્ણોની ભારતીય જનતા પાર્ટી સરકાર બનાવી શકે પરંતુ કેમ જાણે પણ આ ત્રણેય સમુદાયના મોટાભાગના આગેવાનો ભારતીય જનતા પાર્ટીને સપોર્ટ કરી દે છે તેથી આ સરકાર બની જાય છે અને તેઓ પોતે આ સરકારને પોતાના પર અત્યાચાર કરવાનો મોકો આપી બેસે છે.

નીચલી જાતિના પિતામાહ કે મસીહા તરીકે ડોક્ટર ભીમરાવ આંબેડકરને ગણી શકાય. એમ તો તેઓ દેશની માનસિકતાથી ખૂબ સારી રીતે વાકેફ હતા અને પોતે પણ દલિત હોવાની કિંમત ચૂકવી છે. તેઓએ ઉંમરના આખરી પડાવમાં બૌદ્ધ ધર્મ સ્વીકારીને હિંદુ ધર્મનો ત્યાગ કર્યો હતો. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી હોવા છતાં કદાચ પરિસ્થિતિને બદલવા અક્ષમ હતા. તેથી તેઓએ ધર્મનો ત્યાગ કરવામાં જ પોતાની સલામતી અનુભવી.

હવે આ ત્રણેય સમુદાયો માટે વિચારવાની જરૂર છે કે જ્યારે દેશમાં સવર્ણોએ સંપૂર્ણપણે કબજો જમાવી લીધો છે તો આ પરિસ્થિતિમાં તેઓ કઈ રીતે તમામ હક્કો મેળવવામાં સફળ થઈ શકશે???

અનેક કિસ્સાઓમાં દલિતોએ બૌદ્ધ કે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો છે અને મહદંશે તેઓ પોતાની દલિત હોવાની છાપને ભૂંસી શકવામાં સફળ થયા છે છતાં તેમને જોઈએ તેવો સન્માન હજી સુધી મળ્યો નથી.

ઘણા દલિતોએ ઈસ્લામ ધર્મનો પણ અંગીકાર કર્યો છે.

ઈસ્લામ એક આકાશી ધર્મ છે જે તમામ મનુષ્યને એક સમાન ગણે છે. તેની વિચારસરણી મુજબ અમલીરૂપે તેના માનનારાઓને સમાન હક્કો આપવામાં તે સફળ થયો છે. ધાર્મિક રીત-રિવાજો અને ઈબાદતોમાં, ધાર્મિક સંમેલન અને તહેવારોમાં, તમામ મુસલમાનો સાથે જોવા મળે છે. તેમની અંદર ઊંચનીચને કોઈ અવકાશ નથી.

દલિતો એસસી એસટી સમાજના આગેવાનો અને લોકોએ ઈસ્લામ ધર્મનો જ્ઞાન હાંસલ કરવો જોઈએ અને તેમને આ ધર્મને તેમના અત્યાચાર સામે એક વિકલ્પ તરીકે જોવાની જરૂર છે. •••

ઈસ્લામી ક્વિઝ

ક્વિઝ નંબર :૧૬૭

પ્ર.૧ સહાબાએ કિરામ રદિ.માંથી એક એવા ખુશનસીબ સહાબી હતા જેમના ગુલામી કાળમાં હુઝૂર સ.અ.વ.એ ફરમાવ્યું હતું : હું તેનો વારસ છું અને આ મારો વારસ છે. શું તમે તેમનું નામ જણાવી શકો છો ?

પ્ર.૨ હઝરત ઉમર રદિ.ના ખાનદાન પાસે કુરૈશના હોદ્દાઓમાંથી કયો હોદ્દો હતો ?

પ્ર.૩ હઝરત ઝુબૈર બિનલ અવામ રદિ.ની વાલિદા હઝરત સફિય્યા રદિ.નો હુઝૂર સ.અ.વ. સાથે કયો-શું રિશ્તો હતો?

પ્ર. ૪ મક્કા વિજય બાદ હુઝૂર સ.અ.વ.એ ખાનએ કા'બામાં પ્રવેશીને બુતોને કઈ વસ્તુથી પાડયા હતા ?

ક્વિઝ નં.૧૬૭ના જવાબો

ઉ.૧ હઝરત ઝૈદ બિન હારિસા રદિ..

ઉ.૨ એલચીખાતાનો હોદ્દો (એટલે કે જ્યારે કુરૈશને કોઈ અન્ય કબીલા સાથે કોઈ મામલો નક્કી કરવાની જરૂરત પડતી હતી તો એ (બનૂ અદી) ખાનદાનની કોઈ વ્યક્તિને નામાંકિત કરવામાં આવતી હતી.

ઉ.૩ તેઓ આપ સ.અ.વ.ના ફોઈ હતા.

ઉ. ૪ હુઝૂર સ.અ.વ.ના પવિત્ર હાથોમાં કમાન હતી તેનાથી દરેક બુતને પાડતા જતા હતા.

એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.

સેલ... સેલ... સેલ... ૫૦% લેસ
રેમન્ડ, રેડ એન્ડ ટેલર, દિનેશ, દિગ્જામ
લીનન તથા કોટન પેન્ટ પીસ 3 ફકત ૧૨૦૦/-ને વધુ
કોટન શર્ટ પીસ 3 ફકત રૂા.૭૫૦/- ● શર્ટપીસ-3 ફકત રૂા.૬૦૦/-
સેલ ફકત રમઝાન માટે ● પ્રખ્યાત મીલના પેન્ટપીસ-3 ફકત રૂા.૭૫૦/-
પઠાણીનો ૬ મીટર કટ ફકત રૂા.૩૬૦/- ને વધુ
યુનિટ પ્રખ્યાત મિલોની જોડી ફકત રૂા.૨૫૦/- અને વધુ
ક્લોથ સેન્ટર ૮૩, આનંદ શોપિંગ સેન્ટર ન્યુ હાઈસ્કૂલ સામે, રતનપોળ, અહમદઆબાદ. રવિવારે ચાલુ

ફર્ઝ નમાઝોંકે બાદ સબસે અફઝલ નમાઝ રાત કી નમાઝ હૈ. (મુસ્લિમ)
4, Highway Commercial Centre, Danilimda, Ahmedabad-380028 (Gujarat) INDIA.
Customer Care No. +91 98250 37718 | www.empirebakery.in
Follow us on :
Empire
BAKE FOOD
MAKE YOUR BREAKFAST MORE
CRUNCHY & TASTY
WITH WIDE RANGE OF BAKERY PRODUCTS!
RUSK | KHARI | MUFFINS | COOKIES | CAKES | CREAM ROLLS

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યુ એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)
સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ
અલ-મદની જ્વેલ્સ (માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ,
અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૬૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૯૬૬૦ ૫૦૧૨૩
BIS 91.6 હોલમાર્ક

નિરાશાનું પ્રબંધનઃ જીવનમાં સકારાત્મક પરિવર્તન માટેની રણનીતિઓ

તબાના નૂરી

એક રાજાએ પોતાના સેનાપતિને કહ્યું કે દીવાલ ઉપર કંઈક એવું લખો કે જે સારા અને ખરાબ બન્ને સમયે યાદ રાખવાલાયક હોય. સેનાપતિએ લખ્યું: “આ સમય પણ વીતી જશે.” જી હા, ન તો આશા સ્થાયી છે અને ન જ નિરાશા. આ વ્યક્તિ ઉપર આધાર રાખે છે કે એ કોને પોતાની સાથે રાખે છે. આશાને કે નિરાશાને.

દરેક વ્યક્તિ સમય-સમય પર નિરાશા અનુભવે છે. આ ખૂબ જ સામાન્ય બાબત છે. અન્યોના કાર્યો કે સ્થિતિઓ પર આપણી પ્રતિક્રિયાથી નિરાશા આવી શકે છે. કેટલીય બાબતોમાં આ ભાવના અલ્પકાલીન હોય છે અને દરેક દિવસે આપણા મનમાં આવનારી અસ્થાયી ભાવનાઓના ભાગ રૂપે, સ્થિતિ બદલાવાની સાથે સાથે એ બદલાઈ જાય છે. આથી ચિંતાનું કોઈ કારણ નથી. પરંતુ કેટલીક બાબતોમાં કોઈ વ્યક્તિમાં લાંબા સમય સુધી નિરાશા ઘર કરી શકે છે. આ બાબત વ્યક્તિના શારીરિક અને માનસિક અસ્તિત્વ માટે ખતરો જન્માવી શકે છે.

નિરાશાનો હેતુ ક્રોધ કે અકળામણ (કે ચીડિયાપણા)ની ભાવના સાથે છે, જે કોઈ વિશેષ વસ્તુ કે કોઈ વ્યક્તિ વિશેષ પર નહીં બલ્કે કોઈ અપ્રિય સ્થિતિની ઉપજે છે. આવું ત્યારે અનુભવાય છે કે જ્યારે કોઈની પ્રેરણા અવરોધક બની જાય છે, અથવા એવું લાગે છે કે કોઈ વસ્તુ પર કરવામાં આવેલ રોકાણ-નિવેશથી કોઈ પરિણામ નથી મળી રહ્યું.

નિરાશા કોઈ પણ પ્રકારના તણાવની પ્રતિક્રિયા છે જે શારીરિક કે માનસિક અવરોધો, અપૂર્ણ અપેક્ષાઓ કે નિષ્ફળતાઓ હોઈ શકે છે. આ કાર્યો પર લાંબો દિવસ વિતાવવા, અપ્રત્યાશિત ઘટનાઓ, અતિયોજિત સમય સીમા વિ.ના પરિણામ સ્વરૂપ હોઈ શકે છે. દીર્ઘકાલીન સ્થિતિઓની બાબતોમાં નિરાશા વ્યક્તિના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ઉપર પ્રતિકૂળ અસર કરી શકે છે, જેનાથી અનિયંત્રિત ક્રોધ તણાવનું સ્તર વધી જવું અને હતોત્સાહની સ્થિતિ સર્જાઈ શકે છે. વ્યક્તિ અલગ અલગ રીતે નિરાશાનો અનુભવ કરે છે, અને વ્યક્ત પણ કરે છે. આ અંતર મુકાબલો કરવાના કૌશલ્ય તથા લચીલાપણા ઉપર આધાર રાખે છે.

નિરાશા આંતરિક કારકો, વ્યક્તિગત્ ગુણો અથવા વિશ્વાસોના પરિણામ સ્વરૂપે પણ હોઈ શકે છે અને બાહ્ય કારકોના લીધે પણ હોઈ શકે છે. હતાશાની ભાવનામાં સ્થાયી તણાવ ક્યાં તો માનસિક કે શારીરિક રૂપથી થાય છે, અને આને આપણા જીવનના વિભિન્ન ક્ષેત્રોમાં અનુભવી શકાય છે.

ઘટનાઓના અપ્રત્યાશિત વળાંક, આર્થિક પરેશાની, વણઉકેલ્યા મામલા નિષ્ફળ કે કડવા સંબંધો, જટિલ કાર્યમાનક, અધૂરી સમય-સીમા, માનસિક વિકૃતિ જેવા ખેદ અને પોસ્ટ-ટ્રૉમેટિક સિન્ડ્રોમ ડિસઓર્ડર (PTSD) જેવા કેટલાક કારણો છે જે નિરાશાને જન્મ આપે છે. કેમકે નિરાશા અનુભવવી આપણી દૈનિક ગતિવિધિઓમાં સામેલ નથી અને આપણે એવી રચનાત્મક પ્રતિક્રિયા ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ નથી લગાવી શકતા, આથી આ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે આ ભાવનાનો કેવી રીતે સામનો કરવામાં આવે, અને દરેક નાની અગવડ પર નિરાશ કરનારી ભાવનાને કેવી રીતે ઘટાડવામાં આવે. આના પ્રથમ ઉપાયમાં નિરાશાના સ્રોતોની ઓળખ કરવી સામેલ છે, કે જેથી આ જાણી શકાય કે શાના પર કામ કરવાનું છે.

નિરાશાને દૂર કરવા માટે કેટલાક મુખ્ય ઉપાયોને અપનાવી શકાય છે. સૌ પ્રથમ આપણે ભાવનાત્મકરૂપે બુદ્ધિમાન બનવું પડશે. ભાવનાત્મક બુદ્ધિમત્તા પોતે અને અન્યોની ભાવનાઓને ઓળખવાનો ઉપયોગ કરવા અને પ્રબંધિત કરવાની ક્ષમતા છે. આનાથી નિરાશાનો સામનો કરવામાં યોગદાન મળે છે. આનાથી તમને લોકોના કાર્યો અને પરિસ્થિતિઓ પર વધુ ઉચિત પ્રતિક્રિયા આપવામાં મદદ મળી શકે છે, જે નિરાશાનું કારણ બની શકે છે.

આપણે આશાવાદી વિચારો અપનાવવા પડશે. કોઈ સ્થિતિ અથવા કાર્યની જટિલતા તમારા દૃષ્ટિકોણ અને વિચારની પદ્ધતિ ઉપર આધાર રાખે છે. નિરાશ થવું એક નકારાત્મક દૃષ્ટિકોણથી પણ હોઈ શકે છે જ્યાં આપણે પડકારોને પોતાના નિયંત્રણથી પર થઈ જોઈએ છીએ. તમે જે મેળવવામાં સક્ષમ છો તેના બદલે પડકારોથી શીખવા અને વિકાસના ઉજ્જવળ દૃષ્ટિકોણને અપનાવવાથી નિરાશાની ભાવનાથી છુટકારો મળી શકે છે. આ તમને લચીલાં બનાવવામાં મદદરૂપ થઈ શકે છે.

નિરાશાને દૂર કરવા માટે કેટલીક કસરતો અપનાવી શકાય છે. કેમકે નિરાશાની ભાવના તણાવ કે અભિભૂત થવાના પરિણામસ્વરૂપે હોય છે, આથી તમારા મસ્તિષ્કને ઑક્સિજનની આપૂર્તિ કરવા, તમારા દિમાગને સાફ કરવા અને તમને ખુશ રાખવામાં મદદરૂપ થવા માટે શ્વાસ લેવાની કસરત ખૂબ જ સારી હશે જ્યારે દિમાગ ઉથલ-પાથલની ધૂંધમાં હોય તો ઊંડા શ્વાસ લો. ધીમે ધીમે તેને છોડો. આવી જ રીતે આજે વિવિધ કસરતોનો અભ્યાસ પણ કરી શકો છો.

પોતાની ભાવનાઓને દબાવવાથી કે કચડવાથી તમે ઓર વધારે નિરાશા અને ગૂંગળામણ અનુભવવા લાગશો. પોતાની નિરાશાને બહાર કાઢવી એ ફક્ત લાભદાયી હશે એટલું જ નહીં, બલ્કે તમારી માનસિક સ્થિતિને જાળવી રાખવા માટે જરૂરી છે. આ માનસિક તણાવ અને હતાશા/નિરાશાને ઓછી કરવાનું પણ એક સારૂં સાધન પુરવાર થયું છે. તણાવને મેનેજ કરવાથી નિરાશાને ઓછી કરી શકાય છે, અને કામ કરવાની વચ્ચે વિરામ લેવો. આમ કરવા માટેની સૌથી સારી રીત છે કોઈ નાના કે લાંબા ગાળાના કામ પર જતી વખતે કામથી બહાર જવા માટે સમય ફાળવો. શક્ય છે કે તમે પોતાની ગતિવિધિઓ તેમને કરવાની રીતમાં સમાયોજન કરવા ચાહો. આમાં એ જવાબદારીઓમાં ઘટાડો કરવો સામેલ છે જે તમારા જીવનમાં તણાવને વધારી શકે છે. તમે એ વસ્તુઓમાં રોકાણ કરવા ઈચ્છા રાખો જે તમને વધુ તાજગી બક્ષે છે. આના માટે તમારા કડવાશભર્યા સંબંધોમાંથી બહાર નીકળવાની પણ આવશ્યકતા હોઈ શકે છે.

જીવનમાં લચીલાપણું અપનાવો. લચીલાપણું એક ટક્કર ઝીલ્યા પછી પાછા કે પરત કરવાની ક્ષમતા છે. આ આપણને તણાવને વધુ સારી રીતે પ્રબંધિત કરવા અને તેના પર કાબૂ મેળવવામાં મદદરૂપ થાય છે. લચીલાપણું લાવવાની રીતો પૈકી એક આ સમજવું છે કે પરિવર્તન અને ઘટનાઓનું અપ્રત્યાશિત વળાંક સામાન્ય છે, એ તમારી કોઈ ભૂલ નથી, અથવા તમારી પાસે ક્ષમતાઓની કમી છે.

બહુ વધારે માનસિક તણાવની સાથે મોટા લક્ષ્ય રાખવાના બદલે વિશિષ્ટ, પ્રાપ્ત કરવા લાયક પ્રાસંગિક અને સમય-આધારિત લક્ષ્યોના નાના ભાગો નિર્ધારિત કરવાથી નિરાશામાંથી બહાર નીકળવાનો મોકો મળે છે. આથી સ્વયં માટે યથાર્થવાદી લક્ષ્ય નક્કી કરો.

જીવનમાં ધૈર્ય અને પ્રાર્થનાનો સાથ ક્યારેય ન છોડો. જીવનમાં અજમાયશો આવે છે. એવી સ્થિતિમાં આપણે ધૈર્ય ગુમાવવો ન જોઈએ. આ અંગે કુર્આનથી વાતને સ્પષ્ટરૂપથી સમજી શકાય છે : અને અમે અવશ્ય તમને ભય અને ડર, ભૂખ અને પ્રાણ અને ધન-સંપત્તિના નુકસાન અને આમદાનીઓની ખોટમાં નાખીને તમારી પરીક્ષા કરીશું. તેમને ખુશખબર આપી દો. આ સંજોગોમાં જે લોકો ધીરજ રાખે અને જ્યારે કોઈ મુસીબત આવી પડે તો કહે કે, ‘અમે અલ્લાહના જ છીએ અને અલ્લાહની જ તરફ અમારે પાછા ફરવાનું છે.’ તેમની ઉપર તેમના રબ તરફથી મોટી કૃપાઓ થશે, તેની દયા તેમની ઉપર છાંયડો કરશે, અને આવા જ લોકો સન્માર્ગે ચાલનારા છે. (સૂરઃ બકરહ, આયતો-૧૫૫, ૧૫૬, ૧૫૭)

ધૈર્ય અને નમાઝથી મદદ લો, નિઃશંક નમાઝ એક ખૂબ જ કઠિન કામ છે, પરંતુ તે આજ્ઞાકારી બંદાઓ માટે કઠિન નથી, જેઓ સમજે છે કે છેવટે તેમને પોતાના રબને મળવાનું છે અને તેની જ તરફ પાછા ફરીને જવાનું છે.” (સૂરઃ બકરહ, આયતો-૪૫, ૪૬)

ઉપરોક્ત આયતો મુખ્યરૂપે એ લોકો માટે છે જેઓ આશા ગુમાવી બેશે છે અને ઉદાસ થઈ જાય છે. ક્યારેક ક્યારેક આપણને એવું લાગે છે કે આપણી સમસ્યાઓ ક્યારેય સમાપ્ત જ નહીં થાય,

(અનુસંધાન 5મા પાને)

આશા હોસ્પિટલ
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
9426173332
8849019737

- પ્રસુતિ/કસ્વાડ
- સંતાન પ્રાપ્તિ
- ગર્ભપાતથી બચવાના ઉપાયો
- ગર્ભાશય ઓપરેશન
- કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
- સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
- ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
- સોનોગ્રાફી 50 ટકા રાહત દરે

સ્ત્રી અને પુરુષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ

HYMENOPLASTY
(કૌમાર્ય પાછું મેળવો)

ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડૉ. BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર

જમાલપુર અને જુહાપુરાના હાર્દસમા વિસ્તારમાં

મોઃ ૮૮૬૬૮૨૩૨૩૨
ફોન : ૨૫૩૨૧૨૫૧
ફોન : ૨૫૩૯૦૯૬૩
વર્ષો જૂની પ્રખ્યાત
ઇકબાલ હોટલ
iQbal's PROUD TO SERVE SINCE 1947

મોઃ ૯૭૨૬૮૨૩૨૩૨
૭૦૬૯૮૨૩૨૩૨
ન્યુ **ઇકબાલ** શાહી થાલ હોટલ
iQbal's PROUD TO SERVE SINCE 1947

એ.સી. હોલની સુવિધા ઉપલબ્ધ

વેજ - નોનવેજ
મોગલાઈ - મિઠાઈ
પીઝા -સેન્ડવીજ

રૂ.૩૫૦ના બિલ ઉપર ૨, કિ.મી. વિસ્તારમાં ફ્રી હોમ ડિલીવરી

ઓનલાઈન ઓર્ડર માટે ‘સ્વીગી’ અને ‘ઝોમેટો’ ઉપલબ્ધ

પાંચપીપળી, જમાલપુર, અહમદઆબાદ
લોખંડવાલા પાર્ટીપ્લોટ સામે, કેનાલ પાસે, ટી.પી.-૮૫ રોડ, જુહાપુરા, અહમદઆબાદ

મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ,
ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com
website: www.twistplasticmachinery.com

સાપ્તાહિક શાહીન
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ
કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

બૌદ્ધિકો અને નિષ્ણાંતોનો મત: મદ્રસા પાઠ્યક્રમને આધુનિકતાથી સજ્જ કરવા વધતા જ્ઞાન અને તકનીકી જરૂરિયાતોને આવરી લેવામાં આવે

નવી દિલ્હી: જમાઅતે ઈસ્લામી હિંદના કેન્દ્રીય શિક્ષણ બોર્ડ દ્વારા "તદવીન નિસાબ મદારિસે ઈસ્લામિયા હિન્દીયા" વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપના પ્રથમ સત્રની અધ્યક્ષતા જમાઅતે ઈસ્લામી હિંદના અમીર સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ કરી હતી. ઉદ્ઘાટન પ્રવચન કેન્દ્રીય શિક્ષણ બોર્ડના સચિવ સૈયદ તનવીર અહમદ અને સ્વાગત પ્રવચન મોહતમિમ જામિઆતુસ્સાલેહાત રામપુર ડૉક્ટર સલમાન અસદે કર્યું હતું. બીજા સત્રની અધ્યક્ષતા કેન્દ્રીય શિક્ષણ બોર્ડના ચેરમેન પ્રોફેસર સલીમ એન્જિનિયરે કરી હતી જેમાં ડૉક્ટર બદરુલ ઈસ્લામ, મુજતબા ફારૂક, મૌલવી તાહિર મદની, યાહ્યા નોમાની, ડૉક્ટર હાઝિક નદવી મૈસુરી, ડૉક્ટર નસીમ અલીગઢ અને 'એનઆઈઓએસ'ના જોઈન્ટ ડિરેક્ટર ડૉક્ટર શુએબ રઝા ઉપરાંત દેશભરના ઉલમાએ કિરામ, બૌદ્ધિકો અને શિક્ષણવિદોએ ભાગ લીધો અને પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા.

આ પ્રસંગે જમાઅતે ઈસ્લામી હિંદના અમીરે કહ્યું કે, "મદરસા ઈસ્લામિયાના અભ્યાસક્રમ પર દેશમાં ચર્ચા થઈ રહી છે. આ ચર્ચાના ત્રણ મુખ્ય કારણો છે. પહેલું તાજેતરના સમયમાં થયેલા સાંસ્કૃતિક પરિવર્તનો છે. જ્ઞાનમાં વૃદ્ધિનો દર આશ્ચર્યજનક રીતે વધી ગયો છે. આ સાંસ્કૃતિક પરિવર્તનોનો સંબંધ દીન અને દીની નેતૃત્વ સાથે પણ છે. આવા સંજોગોમાં શિક્ષણ પ્રણાલી કેવી હોવી જોઈએ? તે વિચારવાનો વિષય છે. બીજું મુખ્ય કારણ દેશ અને મુસ્લિમ સમુદાયની સ્થિતિ છે. પડકારોની પ્રકૃતિ બદલાઈ ગઈ છે. પશ્ચિમી સંસ્કૃતિ અને આપણા દેશની સાંપ્રદાયિક રાજકીય અને સામાજિક વ્યવસ્થા આપણી સાંસ્કૃતિક ભૂમિકાને તોડી નાખવાનો પ્રયાસ કરી રહી છે. આ સંજોગો પણ દીની શિક્ષણના નવા અભિગમની માંગ કરે છે. ત્રીજું મુખ્ય કારણ કાયદાકીય અને રાજકીય માંગો છે જેનું દબાણ હાલમાં મદ્રસાઓ તીવ્રતાથી અનુભવી રહ્યા છે. આ ચોક્કસ મુદ્દાઓ મહત્વપૂર્ણ છે, પરંતુ મને લાગે છે કે મુખ્ય સુધારાનો આધાર મદ્રસાઓના મૂળ ઉદ્દેશ્યો અને આપણી વાસ્તવિક ધાર્મિક જરૂરિયાતોમાં રહેલો છે. આપણે આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખવાની જરૂર છે. આજના સમયમાં, આપણને એવા વિદ્વાનોની વધુ જરૂર છે જેઓ ઊંડાણપૂર્વક વિચારી શકે, યોગ્ય માર્ગદર્શન આપી શકે, નેતૃત્વ પ્રદાન કરી શકે અને સમાજ સુધારાના કાર્યો કરી શકે. આ ઉપરાંત, એક મહત્વપૂર્ણ ક્ષેત્ર જેના પર ઘણું કામ કરવાની જરૂર છે તે છે દા'વતનું ક્ષેત્ર. આ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે, વિદ્વાનોએ વિવિધ ભાષાઓમાં ઈસ્લામના સંદેશાને અસરકારક રીતે પહોંચાડવાની કુશળતા વિકસાવવાની જરૂર છે. આજના યુગમાં એવી શિક્ષણ પ્રણાલીની તાત્કાલિક જરૂર છે જે સમયની માંગોને પૂરી કરી શકે."

આ ઉપરાંત, મુખ્ય પ્રવક્તા ડૉક્ટર સલમાન અસદે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે મદ્રસાઓને જે પડકારોનો સામનો કરવો પડે છે તેમાં શૈક્ષણિક અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ, શૈક્ષણિક તબક્કાઓ, કાયદાકીય મુશ્કેલીઓ અને શિક્ષકોની તાલીમનો સમાવેશ થાય છે. તેમણે આ બધા પડકારોનો સામનો કરવા માટે પગલાં પણ સૂચવ્યા હતા.

કેન્દ્રીય શિક્ષણ બોર્ડના સચિવ સૈયદ તનવીર અહમદે શરૂઆતમાં શ્રોતાઓનું સ્વાગત કરતાં કહ્યું હતું કે "જમાઅતે ઈસ્લામી હિંદ તેની સ્થાપનાના સમયથી જ શિક્ષણને મહત્ત્વ આપી રહી છે. તે પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં જ્ઞાનને ખૂબ મહત્વ આપે છે અને મદરસાએ ઈસ્લામિયાની ભૂમિકા અને મહત્વને હંમેશા માન્યતા આપી છે. તેમણે કહ્યું કે આજે વિશ્વમાં જ્ઞાનના ક્ષેત્રમાં પશ્ચિમી દેશોનું પ્રભુત્વ છે, જ્યારે ઈસ્લામને આ ક્ષેત્રમાં નેતૃત્વ આપવું જોઈએ. મદરસાએ ઈસ્લામિયા આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે."

પ્રોફેસર સલીમ એન્જિનિયરે કહ્યું કે "મદરસાએ ઈસ્લામિયાના અભ્યાસક્રમના સુધારા પર ઘણા સમયથી ચર્ચા થઈ રહી છે, હવે તેને અમલમાં મૂકવાની જરૂર છે. નવા સમયના પડકારોને પહોંચી વળવા માટે વિદ્વાનોની નવી પેઢી તૈયાર કરવી આપણી જવાબદારી છે. તેથી આપણે આ બાબતે નવા દૃષ્ટિકોણથી વિચારવાની અને મદ્રસાઓની શિક્ષણ પ્રણાલીમાં સુધારો કરવાની જરૂરિયાત પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે." પ્રથમ સત્રનું સંચાલન મૌલવી ઈનામુલ્લાહ ફલાહી અને બીજા સત્રનું સંચાલન ડૉક્ટર અત્તાઉરરહેમાન દ્વારા કરવામાં આવ્યું હતું.

Irfan Memon
Riyaz Memon
We give the purity
GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura
ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond,
Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace,
Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.

તબીબી માર્ગદર્શન કેન્દ્ર
Shaheen Health & Hygiene Society
CONNECTING FOR CARE
Trust Reg. No. F/17260/Ahd.
Medical Gudiance Centre (M.G.C.)
ઉદ્દેશ્યો : ગુજરાત અને અન્ય રાજ્યોના જરૂરિયાતમંદ દર્દીઓને સંપૂર્ણ તબીબી માર્ગદર્શન અને સારવારની સુવિધા આપવા
સરકારી, અર્ધસરકારી, ટ્રસ્ટ તેમજ ખાનગી હોસ્પિટલમાં દરેક પ્રકારની સારવાર માટે માર્ગદર્શન આપતી એકમાત્ર સંસ્થા
સચોટ દિશા સૂચન તેમજ યોગ્ય સારવારની માહિતીનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે.
- એન્જીયોગ્રાફી/એન્જીયોપ્લાસ્ટી
- કિડની ટ્રાન્સપ્લાન્ટ
- ડાયાલિસિસ
- મગજની ગાંઠની સર્જરી/હેમરેજ સર્જરી
- સ્પાઈન સર્જરી
- કેન્સર સર્જરી
- કીમો થેરાપી/રેડિયો થેરાપી
- લેબોરેટરી અને ઈમેજીન્ગ સર્વિસીસ
- કિડની અને પિતાશયની પથરી
- હૃદયના વાલ્વની સર્જરી/બાયપાસ સર્જરી
- વેસ્કયુલર સર્જરી
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ
- દરેક સ્પેશ્યાલીટી અને સુપર સ્સ્પેશ્યાલીટીની ટ્રીટમેન્ટમાં માર્ગદર્શક
- બાળ રોગ અને ક્રિટીકલ કેરમાં માર્ગદર્શક (I.C.U./N.I.C.U) વગેરે...
ફ્રી સર્વિસ
શહેરના તથા આસપાસના લોકો અમદાવાદમાં આવે છે ત્યારે જે તે રોગની સારવાર માટે ક્યાં જવું તેની પૂરતી માહિતી હોતી નથી. ખાસ કરીને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો તથા હોસ્પિટલ ની અપૂરતી માહિતીને લીધે ખોટી જગ્યાએ જઈ સમય અને પૈસા બગાડે છે. આ પરિસ્થિતિને નિવારવા શાહીન હેલ્થ એન્ડ હાઈજીન સોસાયટીનું એક નવું સાહસ એટલે મેડિકલ ગાઈડન્સ સેન્ટર શરૂ કરી રહી છે, જેમાં અમદાવાદ શહેરના નિષ્ણાત ડોકટરો દ્વારા શ્રેષ્ઠ અને સમયસર ઉપચારનું માર્ગદર્શન દર્દી અને તેના સગાને મળી રહેશે.
બી-૪, કરીશ્મા કોમ્પલેક્ષ,
સારણી સોસાયટી,
૧૩૨ ફુટ રીંગ રોડ, જુહાપુરા,
અહમદઆબાદ-૫૫
Saiyed Mohammed Hasnain
PRO & EXECUTIVE
M : 9714531345 shhs.guj@gmail.com

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN** on behalf of **ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**